પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન,
જેલ રોડ વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦, કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંકઃજી/સીપી/વિ.શા./ઘરઘાટી/ ૧૦૯૫ /૨૦૨૫ તા. ૨૫/૦૨/૨૦૨૫

## જાહેરનામુ

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સને- ૨૦૨૩નો ક્રમાંક ૪૬) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

છેલ્લાં કેટલાય સમયથી વડોદરા શહેરમાં બનેલ ગંભીર ગુન્હાઓમાં ઘરઘાટી/ નોકરની સંડોવણી જણાયેલ છે. જે જોતાં ઘરઘાટી/નોકર તથા નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી જાહેર સુલેહશાંતિને કેટલાંક માણસની જીંદગીની ખુવારી તથા લોકોની સંપતિને નુકશાન પહોંચાડી રહેલ છે.

મહદઅંશે ઘરઘાટી/નોકરો/નોકરી ઉપર રાખવામાં આવેલ કર્મચારી શહેર બહારના હોય છે અને ગુન્હો કરી જતાં રહેતાં હોય છે, તેઓ વિશે માલિક પાસે અગર પોલીસ પાસે માહિતી હોતી નથી. પરીણામે તેઓને પકડવા મુશ્કેલ ભર્યુ બને છે. જેથી ઘરઘાટી/ નોકરો /નોકરી ઉપર રાખવામાં આવતા કર્મચારીને નોકરી રાખતા માલિકો ઉપર થોડા નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સને- ૨૦૨૩નો ક્રમાંક ૪૬) ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કોઇ મકાન માલિક/મકાન ભાડુઆત, તમામ પ્રકારના હોટેલ, રેસ્ટોરેન્ટ, આહાર ગૃહો, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, રેસ્ટ હાઉસ, જીમ, હેલ્થકલબ, રીસોર્ટ, સ્પા, ના માલિકો જ્યારે કોઈ વ્યક્તિને ઘરઘાટી/નોકર/નોકરી ઉપર રાખવામાં આવતા કર્મચારી ને કામ પર રાખે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને તેવા કામ ઉપર રાખી શકશે નહિ અને માલિકે આ બાબતે નીચેના કોલમ મુજબની માહિતી ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીના ફોટોગ્રાફ સાથે સબંધીત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ.નં | વિગત | ભરવાની થતી વિગત |
|---|---|---|
| ૧. | ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીનું પુરૂ નામ: | |
| ૨. | ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીનું ઓળખકાર્ડ: | |
| ૩. | ઘરઘાટી/નોકર/ નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીનું વડોદરા શહેરનું સરનામુ તથા તેની સાથેના માણસોની વિગત : | |
| ૪. | જેનાં ઘરે ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી તરીકે કામ કરતાં હોય તે માલિકનું નામ-સરનામુ | |

| | | |
|---|---|---|
| ૫. | બાંહેધરી અગર જેનાં મારફતે ઘરઘાટી/ નોકર/ નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી તરીકે રાખેલ હોય તેનું નામ, સરનામુ. | |
| ૬. | અગાઉ ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ,સરનામુ. | |
| ૭. | વડોદરામાં ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીના ઓળખીતાનાં નામ, સરનામા તથા ટેલીફોન/ મોબાઈલ નંબર. | |
| ૮. | ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીના વતનનું સરનામુ પોલીસ સ્ટેશન સહીત તથા વતનમાં તેના ભાઇ, બહેન, માતા-પિતાનાં નામો. | |
| ૯. | ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીના ચહેરા નિશાન, ઉંમર, વર્ષ, ઉંચાઇ, વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની) | |

આ હુકમ તા.૨૬/૦૨/૨૦૨૫ કલાક:૦૧/૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૫ ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશ્નર વિસ્તારમાં ફરજ બજાવતાં અ.હે.કો તથા તેનાથી ઉપરનો દરજ્જાના કોઇપણ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સ્પેકટર તથા મદદનીશ પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે, તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

Commissioner of Police
Vadodara City, Vadodara

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ

(૨) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૩) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૪) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

<u>જય ભારત સહ નકલ રવાના</u> :-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૧) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.
૨/- સ્થાનિક વર્તમાન પત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા સારુ.